GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LIMITED
Regd. Office: Sardar Patel Vidyut Bhavan, Race Course,
Vadodara -390007
Website:www.getcogujarat.com Email: ceproject.getco@gebmail.com
Email:feedback.getco@gebmail.com CIN: U40100GJ1999SGC036018
Phone: (0265) 2310582-86 Fax No (0265) 2337918, 2338164

No. CE (Pro.)/II/T.4/ 14 **Date: 01 .01.2022**

CIRCULAR

PCC/Fax:

To,

Additional Chief Engineer (TR)
Gujarat Energy Transmission Corporation Limited,
Zonal Office,
Mehsana / Rajkot / Bharuch

Sub: Methodology for compensation towards Right of Way / Way leave clerarance / Tree-crop damages etc. during construction of transmission lines.

Ref: (1) GoG Tharav No. GET-11-2015-GoI-199-K dated 14.08.2017
(2) T.O.L. No. CE (Pro)/II/T-4/983 dated 22.08.2017
(3) GoG Tharav No. GET-11-2015-GoI-199-K dated 31.12.2021

With reference to the above, the Govt. of Gujarat had issued "Tharav" dated 14.08.2017 for compensation towards Right of Way / Way leave clerarance / Tree-crop damages etc. during construction of transmission lines.

With few modifications in the GoG Tharav dated 14.08.2017, the Govt. of Gujarat has issued revision in said RoW compensation guidelines vide Tharav dated 31.12.2021.

It is requested to go through the "Revision in Tharav" dated 31.12.2021 (to be read with original GoG Tharav dated 14.08.2017) according to which the RoW compensation guidelines shall be applicable for all the ongoing transmission lines and future transmission lines with effect from the date of issuance of the Tharav dated 31.12.2021. However, cases settled (Where compensation has been finalized) shall not be re-opened.

It is strictly instructed to pass on the necessary instructions to the sub-ordinates to implemente this methodology of RoW compensation with immediate effect without fail.

It may be noted that any lacuna on implementation of the Guideline shall be viewed seriously and concern EE(Const) and DE(Const) S/Dn shall be held fully responsible and disciplinary actions shall be initiated to concern officers on failure of adoption of the RoW guideline dated 31.12.2021.

GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LIMITED
Regd. Office: Sardar Patel Vidyut Bhavan, Race Course,
Vadodara -390007
Website:www.getcogujarat.com Email: ceproject.getco@gebmail.com
Email:feedback.getco@gebmail.com CIN: U40100GJ1999SGC036018
Phone: (0265) 2310582-86 Fax No (0265) 2337918, 2338164

Please treat this instruction as top priority and be sure for implementation of the RoW guideline.

This is for further needful action please.

Solanki 01/01/2022
(K. R. SOLANKI)
CHIEF ENGINEER (PROJECTS)

Encl: (i) GoG Tharav dated 14.08.2017
(ii) GoG Tharav dated 31.12.2021

Cfwcs: PS to MD, GUVNL, Corporate office, Vadodara
PS to MD, GETCO, Corporate office, Vadodara

Copy to: (1) CE (TR) / CE(Engg) / CE (P&C), GETCO, Corporate office, Vadodara
(2) CE (Tech), GUVNL, Corporate office, Vadodara
(3) GM (F&A) / GM (HR & Legal), Corporate office, Vadodara
(4) ACE (R&C), GETCO, Corporate office, Vadodara
(5) SE (Project) / SE (Planning) / SE (STU), GETCO, Corporate office, Vadodara
(6) SE (TR), GETCO, Circle office,
Navsari / Bharuch / Jambuva / Nadiad / Mehsana / Palanpur / Himatnagar / Surendranagar / Gondal / Jamnagar / Amreli / Junagadh / Anjar
(7) EE (Const), GETCO, Division office,
Navsari / Bharuch / Jambuva / Nadiad / Mehsana / Deesa / Himatnagar / Limbdi / Rajkot / Jamnagar / Amreli / Junagadh / Anjar
(8) EE (TR-II) / EE (TR-V) / EE (Network), GETCO, Corporate office, Vadodara

ટ્રાન્સમિશન લાઇન/ટ્રાન્સમિશન ટાવર ઊભા કરતી વખતે જમીન/પાક/ ફળાવ/ઝાડને થયેલ નુકશાનના વળતર અંગેની માર્ગદર્શિકામાં સુધારા બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક:જીઇટી-૧૧-૨૦૧૫-જીઓઆઇ-૧૯૯-૬
સચિવાલય, ગાંધીનગર.
તા. 31 DEC 2021

વંચાણે લીધા:– ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા.૧૪.૦૮.૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક :જીઇટી-૧૧-૨૦૧૫-જીઓઆઇ-૧૯૯-૬

પ્રસ્તાવના:

આ વિભાગના તા. ૧૪.૦૮.૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:જીઇટી-૧૧-૨૦૧૫-જીઓઆઇ-૧૯૯-૬ થી ટ્રાન્સમિશન લાઇન/ટ્રાન્સમિશન ટાવર ઊભા કરતી વખતે જમીન/પાક/ ફળાવ/ઝાડને થયેલ નુકશાનના વળતર અંગેની માર્ગદર્શિકા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જેમાં નિયત થયેલ વળતર પ્રમાણમાં ઓછુ હોઇ કેટલાક કેસમાં ખેડૂતો દ્વારા વધુ વળતરની માંગણી કરવામાં આવે છે. આથી આવા સ્થળોએ વીજ પ્રવહન માટે જરૂરી એવું નેટવર્ક પ્રસ્થાપિત કરવામાં વિલંબ થાય છે. આથી, આવા વળતરના દરોમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

તેના અનુસંધાને, ટ્રાન્સમિશન લાઇનોના નિર્માણ અને હાલની ટ્રાન્સમિશન લાઇનની જાળવણી અને મરામતની કામગીરી કરતી વખતે ખેડૂતમિત્રો/જમીનધારકોની જમીન ઉપર ઉભેલા પાક-ઝાડ-ફળાવને થયેલ નુકશાન પેટે ચૂકવવામાં આવતા વળતર અંગે જરૂરી સમીક્ષા કરવાના આશયથી વિભાગના તા.૨૦.૦૯.૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક: જીઇટી-૧૧-૨૦૧૫-જીઓઆઇ-૧૯૯-૬ થી અગ્રસચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સના અધ્યક્ષપણા હેઠળ નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવેલ:-

(૧) અગ્રસચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
(૨) સચિવશ્રી (જમીન સુધારણા), મહેસૂલ વિભાગ
(૩) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.
(૪) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ.
(૫) કૃષિ નિયામકશ્રી, ગાંધીનગર
(૬) નાણાં સલાહકારશ્રી, ઊર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ

SE (Project) Pl. circulate 3/12

ગુજરાત સરકારની તા.૧૪.૦૮.૨૦૧૭ની માર્ગદર્શિકામાં સૂચવ્યા મુજબ વળતરમાં સુધારા કરવા અંગેની બાબતને લગતા મુખ્ય મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા અને વિચારણા બાદ સમિતિ દ્વારા લેવાયેલ નિર્ણયો/ભલામણો, સરકારશ્રીની બહાલી મેળવવા માટે રજૂ કરાયેલ.

સુધારા ઠરાવ:

આ વિભાગના તા. ૧૪.૦૮.૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક :-જીઇટી-૧૧-૨૦૧૫-જીઓઆઇ-૧૯૯-૬ થી ટ્રાન્સમિશન લાઇન/ટ્રાન્સમિશન ટાવર ઊભા કરતી વખતે જમીન/પાક/ ફળાવ/ઝાડને થયેલ નુકશાનના

વળતર અંગેની માર્ગદર્શિકામાં અંશતઃ સુધારો કરવાની બાબતે પુખ્ત વિચારણાને અંતે, ઉક્ત ઠરાવની જોગવાઇ ક્રમાંક (૨) અને (૩) ને રદ કરી નીચે મુજબની જોગવાઇઓ લાગુ પાડવાની રહેશે:-

✓ **જોગવાઇ ક્રમાંક (૨):-**

"RoW Corridor(Right of Way Corridor) (ટ્રાન્સમિશન લાઇનના રેષાઓની પહોળાઇ)ના કારણે જમીનના મૂલ્યમાં થતાં ઘટાડા અંગેના વળતર સંદર્ભમાં, RoW Corridor માટે, જમીનધારકની જમીન ઉપરથી પસાર થતાં પ્રવહન રેષાઓની પહોળાઇ તથા લંબાઇને અનુલક્ષીને, જમીનના મૂલ્યમાં થતાં ઘટાડાના નુકશાન પેટે, **વળતર પેટે જમીનના મૂલ્યના ૧૫%** **લેખે ચૂકવણું કરવાનું રહેશે.** વધુમાં, નીચે મુજબના ઝૂલતા (Swinging) વીજ રેષાના RoW Corridor (વીજ રેષાની પહોળાઇ) ધ્યાને લેવાના રહેશે:-

S.N.	Transmission Voltage	Width of Right of Way
1	66 KV	18 Mtrs
2	110 KV	22 Mtrs
3	132 KV	27 Mtrs
4	220 KV	35 Mtrs
5	400 KV	46 Mtrs
6	+/- 500 KV HVDC	52 Mtrs
7	765 KV S/C (With delta configuration)	64 Mtrs
8	765 KV D/C	67 Mtrs
9	+/- 800 KV HVDC	69 Mtrs
10	1200 KV	89 Mtrs

✓ **જોગવાઇ ક્રમાંક (૩)** :-

"ફળાવ ઝાડ તથા અન્ય વૃક્ષના નુકશાન પેટે વળતર ચૂકવતી વખતે મહેસૂલ વિભાગ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ તા.૧૨.૦૧.૨૦૨૧ (પરિશિષ્ટ-અ) ના પરિપત્ર ક્રમાંક: એલ.એ.ક્યુ./૨૨/૨૦૧૮/૧૫૫૦/ઘ તેમજ ત્યાર બાદ વખતો વખત સુધારેલ પરિપત્ર પ્રમાણે વળતર ચુકવવાનું રહેશે.

પાક નુકશાન પેટે વળતર ચૂકવતી વખતે વળતરના મૂલ્યાંકન માટે Agriculture Produce Market Committee (APMC) એ નક્કી કરેલા દરો લાગુ પડશે અને પાક વળતરની મૂલ્યાંકન કિંમત, સંબંધિત સરપંચ/તલાટી/મામલતદાર અથવા સંબંધિત મહેસૂલ અધિકારીએ પ્રમાણિત કરેલ હોવી જોઇશે."

૨. **વધુમાં, તા.૧૪.૦૮.૨૦૧૭ના ઠરાવના ફકરા નં. ૨ ની શરત ક્રમાંક (૨) અને (૩) ની જગ્યાએ નીચે મુજબ ની નવી શરત નં. (૨) અને શરત નં. (૩) ઉમેરવામાં આવે છે :-**

(૨) સદર ઠરાવની જોગવાઇઓ, નવી ટ્રાન્સમિશન લાઇન તથા પ્રગતિમાં હોય તેવી તમામ ટ્રાન્સમિશન લાઇનના કામ માટે લાગુ પડશે. પરંતુ, જે કેસોમાં વળતરની રકમ નિર્ધારિત થઇ ગયેલ છે તેવા કેસોમાં આ ઠરાવની જોગવાઇઓ લાગુ પડશે નહીં.

(૩) જમીનની કિમતના મૂલ્યાંકન માટે, જે-તે સમયના અને સ્થળના, સરકારશ્રીના પ્રવર્તમાન, જંત્રી દરોને વાર્ષિક વધુમાં વધુ ૧૦% વધારો (ચક્રવૃદ્ધિ) ગણીને, વળતરની ગણતરી આખરી કરવાની રહેશે.

૩. ગુજરાત સરકારના તા. ૧૪.૦૮.૨૦૧૭ ના ઠરાવની અન્ય શરતો અને જોગવાઇઓ યથાવત રહેશે.

૪. આ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી અમલી બનશે.

૫. ઉકત ઠરાવ કૃષિ અને સહકાર વિભાગની તા.૨૩.૧૧.૨૦૨૧, મહેસૂલ વિભાગની તા.૨૫.૧૧.૨૦૨૧ની તથા નાણા વિભાગની તા. ૦૧.૧૨.૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એ.રા.જોષી)
ખાસ ફરજ પરના અધિકારી
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

નકલ જરૂરી કાર્યવાહી માટે રવાના પ્રતિ:-

(૧) નામ. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
(૨) સચિવશ્રી, વીજળી મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી.
(૩) માન. મુખ્ય મંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૪) માન. મંત્રીશ્રી (ઉ.પે.અને નાણાં)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૫) માન.રા.ક.મંત્રીશ્રી (ઉ.પે.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
(૬) સચિવશ્રી, ગુજરાત વિજ નિયમન આયોગ, ગીફ્ટ સીટી, ગાંધીનગર.
(૭) ગુજરાત સરકારના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
(૮) તમામ કલેકટરશ્રી, ગુજરાત રાજય.
(૯) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી., વડોદરા.
(૧૦) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લી., વડોદરા.
(૧૧) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લી.,વડોદરા.
(૧૨) મેનેજીંગ ડીરેકટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લી., વડોદરા.
(૧૩) મેનેજીંગ ડીરેકટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી., રાજકોટ.
(૧૪) મેનેજીંગ ડીરેકટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લી., મહેસાણા.
(૧૫) મેનેજીંગ ડીરેકટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લી., સુરત.
(૧૬) મેનેજીંગ ડિરેકટરશ્રી, પાવર ગ્રીડ કોર્પોરેશન લિ., નવી, દિલ્હી/વડોદરા.
(૧૭) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઇન્ડસ્ટ્રી પાવર કંપની લી. વડોદરા.
(૧૮) મુખ્ય વિદ્યુત નિરિક્ષકશ્રી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
(૧૯) ચેરમેનશ્રી, ટોરેન્ટ પાવર લી. અમદાવાદ.
(૨૦) સર્વે શાખા, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨૧) પસંદગી ફાઇલ.

પરિશિષ્ટ - અ

જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિનિયમ-૨૦૧૩ હેઠળ વૃક્ષોની કિંમત નક્કી કરવા બાબત

મહેસૂલ વિભાગ,
ગુજરાત સરકાર,
પરિપત્ર નં: એલ.એ.કયુ.:-૨૨-૨૦૧૮/૧૫૫૦/ઘ
સચિવાલય, ગાંધીનગર
તા: ૧૨/૦૧/૨૦૨૧

સંદર્ભ(૧) મહેસૂલ વિભાગ નો પરિપત્ર ક્ર:- એલ.એ.કયુ.:-૨૨૦૮/૪૯૪૧/ઘ, તા.૨૩/૧/૧૯૯૩

પરિપત્ર:-

જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ અન્વયે સંપાદન કરવામાં આવતી જમીનોમાં આવેલા વૃક્ષોની વધુમાં વધુ કેટલી કિંમત આપી શકાય તથા વૃક્ષોની કિંમત નક્કી કરવા માટે કયા પ્રકારની પધ્ધત્તિ અપનાવવી તે અંગેની સુચનાઓ આમુખમાં ક્રમ-(૧) આગળ દર્શાવેલ પરિપત્રથી આપવામાં આવેલ છે.

ઉપરોક્ત પરિપત્રથી બહાર પાડવામાં આવેલી સુચનાઓ બાદ લગભગ ૨૭ (સત્તાવીસ) વર્ષ જેટલો સમય પસાર થવા છતાં તેમાં કોઇ સુધારો થયેલ ન હોવાથી સંપાદન હેઠળની જમીન ઉપર આવતા વૃક્ષોની કિંમતમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી, દરમ્યાનમાં જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વાજબી વળતર અને પારદર્શકતા અધિનિયમ-૨૦૧૩ રાજ્યમાં તા.૦૧/૦૧/૨૦૧૪ થી અમલમાં આવેલ છે, અને તે અનુસાર જમીન સંપાદનની કાર્યવાહી ગતીમાં છે.

રાજ્યમાં સમયાંતરે વૃક્ષ ઉછેરનો ખર્ચ વધ્યો છે તેની સામે ઉત્પાદનના ભાવ પણ વધ્યા છે. સંપાદન હેઠળ ની જમીનોમાં આવતા વૃક્ષો જે ખેડૂત પાસે હોત તો તેની કેટલી ઉપજ મળી શકત તે આધારે તેનું વળતર નક્કી કરવાનું ધોરણ રાખવું જોઇએ તે દ્રષ્ટીએ વધુમાં વધુ વ્યાજબી કિંમત મળી રહે તે દ્રષ્ટીને મધ્યે નજર રાખીને વૃક્ષોની વધુમાં વધુ વ્યાજબી કિંમત સમય મર્યાદામાં નક્કી કરવી જોઇએ, કિંમત નક્કી કરતી વખતે વૃક્ષનું ઉત્પાદન ફળ અને લાકડા સહીત ઝાડની સમગ્ર તંદુરસ્તી, ઉંમર વિગેરે બાબતો લક્ષમાં લેવી જોઇએ.

લગભગ તમામ પ્રકારના ફળોની વેચાણ કિંમત છેલ્લા દાયકામાં વધી ગઇ છે. તેની સામે ઉત્પાદન ખર્ચ પણ વધ્યો છે, ખાસ કરીને ફળાઉ ઝાડ / રોપા / કલમ ની કિંમત રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ અને તેના વેતન ધારા હેઠળ દૈનિક ખેત મજૂરોના વેતનમાં થયેલ વધારો થનાર

Scanned with CamScanner

વર્તમાન ખર્ચ / આવકના મુદ્દાઓ ધ્યાનમાં લઈને આ સાથેના પત્રક માં ફળાઉ / અનામત /બિન અનામત વૃક્ષોની વધુમાં વધુ શી કિંમત આપી શકાય તે દર્શાવવામાં આવેલ છે.

જમીન સંપાદન અધિકારીઓ તેના સ્વવિવેક પ્રમાણે અગાઉના પરિપત્રોમાં તેમજ ઉપરના ફકરાઓમાં આપેલી સુચના પ્રમાણે વૃક્ષોની કિંમત નક્કી કરવાની છે. પત્રકમાં દર્શાવેલ કિંમત પ્રમાણે જ વળતર નક્કી કરી આપવું એવો અર્થ આ પરિપત્રનો કરવાનો નથી.

આ પરિપત્ર વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઇલ પર તા.૧૬/૧૨/૨૦૨૦ ના રોજ નાણા વિભાગની સંમતિ મેળવીને બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલ શ્રી ના હુકમથી અને તેમના નામે.

* બિડાણ:- પત્રક

(એચ.જે.રાઠોડ)
ઉપસચિવ
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

નકલ રવાના પ્રતિ:-

૧.સચિવાલય ના સર્વે વિભાગો
૨.અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૩.સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રી, (વન્ય પ્રાણીઓ), ગાંધીનગર
૫. બાગાયત નિયામકશ્રી, કૃષિ ભવન, ગાંધીનગર
૬.મહેસૂલ વિભાગ તપાસણી કમિશ્નરશ્રી, ગાંધીનગર
૭.સર્વે કલેક્ટરશ્રી / અધિક કલેક્ટરશ્રીઓ
૮.સર્વે પ્રાંત અધિકારીશ્રી / સર્વે ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીઓ
૯.અધિક કલેક્ટરશ્રી, (સિંચાઇ) વડોદરા / રાજકોટ / ગાંધીનગર
૧૦. અધિક કલેક્ટરશ્રી, (નર્મદા) વડોદરા
૧૧.તમામ ખાસ ફરજ પરના અધિકારીશ્રી (જી.આઇ.ડી.સી. અમદાવાદ, સુરત સહિત)
૧૩.ઘ.ચ. તથા એવોર્ડ શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૪.સિલેક્ટ ફાઇલ

Scanned with CamScanner

પત્રક

(અ) ફળાઉ ઝાડના દરની વિગત દર્શાવતું પત્રક :-

અ. નં.	ઝાડોની જાત	૭ વર્ષ સુધીના વૃક્ષની મહત્તમ કિમત (પ્રતિ વૃક્ષ)	૭ વર્ષ થી ઉપરના વૃક્ષની મહત્તમ કિમત (પ્રતિ વૃક્ષ)
૧	આંબા હાફુસ	૧૪૩૦૦	૪૦૮૦૦
૨	આંબા કેસર	૧૪૦૦૦	૪૦૦૦૦
૩	આંબા રાજાપુરી	૧૩૫૦૦	૩૮૪૦૦
૪	આંબા તોતાપુરી	૧૨૯૦૦	૩૬૮૦૦
૫	આંબા લંગડો	૧૨૯૦૦	૩૬૮૦૦
૬	આંબા દસેરી	૧૨૯૦૦	૩૬૮૦૦
૭	ચીકુ	૧૩૫૦૦	૩૮૪૦૦
૮	લીંબુ	૨૦૦૦	૫૦૦૦
૯	જામફળ	૯૦૦૦	૨૦૦૦૦
૧૦	દાડમ	૨૦૦૦	૪૦૦૦
૧૧	આમળા	૯૦૦	૩૦૦૦
૧૨	સીતાફળ	૭૦૦	૨૦૦૦
૧૩	રામફળ	૧૧૦૦	૩૦૦૦
૧૪	નાળિયેરી ઉંચી જાત	૪૫૦૦	૧૫૦૦૦
૧૫	નાળિયેરી ઠીંગડી જાત	૪૦૦૦	૧૦૦૦૦
૧૬	નાળિયેરી હાઇબ્રીડ જાત	૮૦૦૦	૨૦૦૦૦
૧૭	સોપારી	૬૦૦	૨૦૦૦
૧૮	બોર કલમી	૧૨૦૦	૩૦૦૦
૧૯	બોર દેશી	૧૨૦૦	૩૦૦૦
૨૦	મોસંબી	૧૨૦૦	૨૦૦૦
૨૧	ગુંદા	૧૦૦૦	૨૦૦૦
૨૧	સરગવો	૮૦૦	૨૦૦૦
૨૨	ગોરસામલી	૮૦૦	૨૦૦૦
૨૩	કાજુ	૧૨૦૦	૨૦૦૦
૨૪	ખારેક બીજથી તૈયાર કરેલ રોપા	૩૬૦૦	૮૯૦૦
૨૫	ખારેક ટીસ્યુ કલ્ચર રોપા	૪૯૦૦	૧૨૨૦૦
૨૬	કોઠા	૮૦૦	૧૫૦૦
૨૭	ફાલસા	૮૦૦	૨૦૦૦
૨૮	કેળ	૧૫૦૦	--
૨૯	પપૈયા	૧૫૦૦	--
૩૦	જાંબુ	૪૮૦૦	૧૨૦૦૦
૩૧	ચારોળી	૧૫૦૦	૫૦૦૦
૩૨	ફણસ	૯૦૦	૩૦૦૦
૩૩	અંજીર	૮૦૦	૨૦૦૦
૩૪	બદામ	૧૮૦૦	૪૦૦૦
૩૫	તાડ	૬૦૦૦	૧૫૦૦૦
૩૬	રાયણ	૧૫૦૦	૩૦૦૦

Scanned with CamScanner

(બ) બિન અનામત ઝાડના દરની વિગત દર્શાવતું પત્રક:-

અ. નં.	ઝાડોની જાત	૭ વર્ષ સુધીના વૃક્ષની મહત્તમ કિમત (પ્રતિ વૃક્ષ)	૭ વર્ષ થી ઉપરના વૃક્ષની મહત્તમ કિમત (પ્રતિ વૃક્ષ)
૧	નીલગીરી	૧૮૦૦	૫૦૦૦
૨	સુ.બાવળ	૧૧૦૦	૩૦૦૦
૩	લીમડો	૨૫૦૦	૭૦૦૦
૪	દે.બાવળ	૨૧૦૦	૬૦૦૦
૫	કણજ	૧૧૦૦	૩૦૦૦
૬	ગો.આમલી	૧૪૦૦	૪૦૦૦
૭	મીલીયાડુબીયા	૧૧૦૦	૩૦૦૦
૮	પીપળ	૧૧૦૦	૩૦૦૦
૯	પોપલર	૧૧૦૦	૩૦૦૦
૧૦	ખીજડો	૧૧૦૦	૩૦૦૦
૧૧	શરૂ	૧૧૦૦	૩૦૦૦
૧૨	બં.બાવળ	૧૪૦૦	૪૦૦૦
૧૩	અન્ય જાતો	૧૧૦૦	૩૦૦૦
૧૪	મહાગોની	૬૮૦૦	૨૮૦૦૦

નોંધ :- અન્ય જાતો જેવી કે આસોપાલવ, ચંપો, પીલુ, કાસદ, સમપણી, રેઇન્ટ્રી, ગાં.બાવળ, પોટરબ્રશ વિગેરે.

(ક) અનામત ઝાડના દરની વિગત દર્શાવતું પત્રક :-

અ. નં.	ઝાડોની જાત	૭ વર્ષ સુધીના વૃક્ષની મહત્તમ કિમત (પ્રતિ વૃક્ષ)	૭ વર્ષ થી ઉપરના વૃક્ષની મહત્તમ કિમત (પ્રતિ વૃક્ષ)
૧	સાગ	૧૦૫૦૦	૩૦૦૦૦
૨	સીસમ	૧૦૫૦૦	૩૦૦૦૦
૩	ચંદન	૧૭૫૦૦	૫૦૦૦૦
૪	મહુડો	૭૦૦૦	૨૦૦૦૦
૫	ખેર	૮૮૦૦	૨૫૦૦૦

(એચ.જે.રાઠોડ)
ઉપ સચિવ

Scanned with CamScanner

ટ્રાન્સમિશન લાઈન/ટ્રાન્સમિશન ટાવર ઊભા કરતી વખતે જમીન/પાક/ ફળાવ/ઝાડને થયેલ નુકશાનના વળતર અંગેની માર્ગદર્શિકા બનાવવા બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક:જીઇટી-૧૧-૨૦૧૫-જીઓઆઇ-૧૬૯૯-૬
સચિવાલય, ગાંધીનગર.
તા. 14 AUG 2017

પ્રસ્તાવના:

ભારતીય વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ની કલમ-૧૬૪ તથા ભારતીય ટેલિગ્રાફ અધિનિયમ, ૧૮૮૫ની કલમ- ૧૦(૬) અનુસાર ગુજરાત સરકારના તા.૨૯.૦૫.૨૦૦૪ના જાહેરનામા ક્રમાંક: જીએચયુ-૨૦૦૪-જીઇબી-૧૧૦૪-૨૯૬૪-કથી ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (GETCO)ને રાજ્યની વીજ પ્રવહન ઉપયોગિતા(સ્ટેટ ટ્રાન્સમિશન યુટિલીટી) તરીકે જાહેર કરવામાં આવતાં, રાજ્યમાં વીજ પ્રવહન માટે ટ્રાન્સમિશન ટાવર અને લાઇન ઊભી કરવા માટેના અધિકાર GETCOને પ્રાપ્ત થયેલ છે.

આ અન્વયે, વિદ્યુત અધિનિયમ-૨૦૦૩ ની કલમ-૬૭ અને કલમ-૬૮ની જોગવાઇઓ સાથે ભારતીય ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫ ની કલમ-૧૦ અને કલમ-૧૬માં થયેલ જોગવાઇ મુજબ, વ્યાખ્યાયિત "નુકશાન" માટે અસરગ્રસ્ત વ્યક્તિઓને(ખેડૂતમિત્રો/જમીનમાલિકોને) તેઓની જમીન-પાક-ઝાડ-ફળાવને થયેલ નુકશાન પેટે વળતર આપવાની જોગવાઇ છે.

તદનુસાર, સ્ટેટ ટ્રાન્સમિશન યુટિલિટી, સેન્ટ્રલ ટ્રાન્સમિશન યુટિલિટી, વિવિધ ખાનગી ટ્રાન્સમિશન કંપની અને ટ્રાન્સમિશન લાયસન્સીઓ દ્વારા નવી ટ્રાન્સમિશન લાઇનોના નિર્માણ અને હાલની ટ્રાન્સમિશન લાઇનની જાળવણી અને મરામત કરવામાં આવે છે. તદઉપરાંત, ટ્રાન્સમિશન યુટિલીટીઓ દ્વારા ટ્રાન્સમિશન ટાવર પણ ઉભાં કરવામાં આવે છે. આવી કામગીરી કરતી વખતે ખેડૂતમિત્રો/જમીનમાલિકોની જમીન ઉપર ઉભેલા પાક-ઝાડ-ફળાવને થયેલ નુકશાન પેટે, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ની જોગવાઇઓને અધીન જરૂરી વળતર ચૂકવવામાં આવે છે.

પરંતુ, કેટલાંક કિસ્સાઓમાં, ભારત સરકાર તેમજ રાજ્ય સરકારના ધ્યાને આવેલ છે કે, ખેડૂતો અને જમીન માલિકો દ્વારા ટ્રાન્સમિશન લાઇનઓના નિર્માણ અને હાલની ટ્રાન્સમિશન લાઇનોના મજબૂતીકરણ કે સમારકામ કરવાના કાર્યો હાથ ધરતી વખતે તેમજ તે અંતર્ગત ચૂકવવામાં આવતાં વળતર સામે વિરોધ વ્યકત કરવામાં આવે છે. વળી, ચૂકવવામાં આવતાં વળતરની રકમ ઓછી હોવાની અવારનવારની રજુઆતો/માંગણીઓ પણ ખેડૂતોમિત્રો/જમીન માલિકો તરફથી મળતી હોવાના કિસ્સા ધ્યાને આવેલ છે. વધું વળતરની માંગણી સાથે ખેડૂતો/જમીન માલિકો દ્વારા નામ. હાઇકોર્ટમાં પીટીશન પણ દાખલ કરવામાં આવે છે. પરિણામે, કેટલાક પ્રસંગોએ વીજ પ્રવહન

માટે જરૂરી એવું નેટવર્ક પ્રસ્થાપિત કરવામાં વિલંબ થાય છે, જે વીજ પુરવઠો પુરો પાડવા અંગેની આવશ્યક સેવામાં વિક્ષેપરૂપ જણાયેલ છે.

તદ્નુસાર, નામ. ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ એક ખાસ દિવાની અરજી નં.૧૮૩૩૪/૨૦૧૧ માં નામ. હાઇકોર્ટે તા.૨૬.૮.૨૦૧૩ ના હુકમથી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને ટ્રાન્સમિશન લાઇન ઊભી કરતી વખતે પાક/જમીનને થયેલ નુકશાનના વળતર અંગેની માર્ગદર્શિકા બનાવી, તે અંગેનો અહેવાલ નામ. હાઇકોર્ટ સમક્ષ રજૂ કરવાના આદેશો આપેલ. દરમ્યાનમાં, ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા ટ્રાન્સમિશન લાઇન ઊભી કરતી વખતે, જે તે ખેડૂતમિત્ર/જમીનમાલિકની જમીન-પાક-ઝાડ-ફળાવ વગેરેને થયેલ નુકશાન પેટે વળતર ચૂકવવા અંગે માર્ગદર્શિકા બનાવાયેલ અને જમીન સંપાદનનો વિષય રાજ્ય સરકાર હસ્તકનો હોઇ, રાજ્ય સરકારોને ઉક્ત માર્ગદર્શિકા અપનાવવાનો નિર્ણય લેવા તા.૧૫.૧૦.૨૦૧૫ના પત્રથી મોકલી આપેલ હતી. તદ્નુસાર, આ અંગે રાજ્ય સરકાર કક્ષાએ રચાયેલ ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણો મેળવવા સમિતિની એક બેઠક તા.૩.૨.૨૦૧૭ ના રોજ મળેલ હતી. જે અંતર્ગત ચૂકવવાના થતાં વળતર માટે નીચે મુજબના સમિતિના સભ્યો દ્વારા ગહન અને વિસ્તૃત ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવેલ હતી.:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
(૨) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ.
(૩) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ.
(૪) કૃષિ નિયામકશ્રી, ગાંધીનગર
(૫) સચિવશ્રી (જમીન સુધારણા), મહેસૂલ વિભાગ

સમિતિ દ્વારા ભારત સરકારની માર્ગદર્શિકામાં સૂચવાયા મુજબ વળતરમાં સુધારા-વધારા કરવાની બાબતને લગતા મુખ્ય મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા અને વિચારણા બાદ સમિતિએ વળતર ચૂકવવા સંબંધમાં કરેલ ભલામણો સરકારશ્રીની બહાલી મેળવવા માટે રજૂ કરાયેલ.

ઠરાવ:

તદ્નુસાર, આ બાબતે પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે, રાજ્યમાં, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ.(સ્ટેટ ટ્રાન્સમિશન યુટિલીટી), સેન્ટ્રલ ટ્રાન્સમિશન યુટિલિટી, વિવિધ ખાનગી ટ્રાન્સમિશન કંપની અને ટ્રાન્સમિશન લાયસન્સી દ્વારા, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ તથા ભારતીય ટેલિગ્રાફ એકટ, ૧૮૮૫ની જોગવાઇઓને અધીન, નવી ટ્રાન્સમિશન લાઇનોના સ્થાપન વખતે, વિદ્યુત અધિનિયમ, 2003 ની કલમ-૬૭ અને કલમ-૬૮માં તથા તેની સાથે ભારતીય ટેલિગ્રાફ એક્ટ, ૧૮૮૫ ની કલમ-૧૦ અને કલમ-૧૬ માં થયેલ જોગવાઇ મુજબ, વ્યાખ્યાયિત "નુકશાન" માટે અસરગ્રસ્ત વ્યક્તિઓને(ખેડૂતમિત્રો/જમીનમાલિકોને) તેઓની જમીનના મૂલ્યમાં ઘટાડા પેટે તેમજ

પાક-ઝાડ-ફળાવ પેટે થયેલ નુકશાન સામે નીચે મુજબ વળતર, પ્રસ્તુત ઠરાવના બીજા ફકરામાં દર્શાવેલ શરતોને અધીન, આપવાનું રહેશે:-

(૧) ટ્રાન્સમિશન ટાવર / માળખાના સ્થાપનને કારણે ટાવર આધારિત વિસ્તાર (ટાવરના ચાર પાયા વચ્ચેનો ભાગ) ની જમીનના મૂલ્યના ૧૦૦% જેટલું જમીનના નુકશાન પેટે વળતર ચૂકવવું અને આ માટે વળતરની ગણતરી કરતી વખતે, જમીનના મૂલ્યના મૂલ્યાંકન માટે, જ્યાં પણ જરૂરી હોય ત્યાં જે-તે સમયના અને સ્થળના સરકારશ્રીના પ્રવર્તમાન ઓન લાઇન જંત્રી દરો(ખેતી/બિન ખેતી મુજબના)ને માપદંડ તરીકે રાખી, ચૂકવવાના થતાં વળતરની ગણતરી આખરી કરવાની રહેશે.

(૨) RoW Corridor(Right of Way Corridor) (ટ્રાન્સમિશન લાઇનના રેષાઓની પહોળાઇ)ના કારણે જમીનના મૂલ્યમાં થતાં ઘટાડા અંગેના વળતર સંદર્ભમાં, RoW Corridor માટે, જમીનમાલિકની જમીન ઉપરથી પસાર થતાં પ્રવહન રેષાઓની પહોળાઇ તથા લંબાઇને અનુલક્ષીને, જમીનના મૂલ્યમાં થતાં ઘટાડાના નુકશાન પેટે, વળતર પેટે જમીનના મૂલ્યના **૭.૫%** લેખે ચૂકવણું કરવાનું રહેશે. આ માટે વળતરની ગણતરી કરતી વખતે, જમીનના મૂલ્યના મૂલ્યાંકન માટે, જ્યાં પણ જરૂરી હોય ત્યાં જે-તે સમયના અને સ્થળના, સરકારશ્રીના પ્રવર્તમાન, ઓન લાઇન જંત્રી દરોને માપદંડ તરીકે રાખી, ચૂકવવાના થતાં વળતરની ગણતરી આખરી કરવાની રહેશે. વધુમાં, નીચે મુજબના ઝૂલતા (Swinging) વીજ રેષાના RoW Corridor (વીજ રેષાની પહોળાઇ) ધ્યાને લેવાના રહેશે:-

Sr.No.	Transmission Voltage	Width of Right of Way Corridor
1	66 KV	18 Mtrs
2	132 KV	27 Mtrs
3	200 KV	35 Mtrs
4	400 KV S/C	46 Mtrs
5	400 KV D/C	46 Mtrs
6	+/- 500 KV HVDC	52 Mtrs
7	765 KV S/C (with delta configuration)	67 Mtrs
8	765 KV D/C	67 Mtrs
9	+/-800 KV HVDC	69 Mtrs
10	1200 KV	89 Mtrs

(૩) પાક / ફળાવ / ઝાડના નુકશાન પેટે વળતર ચૂકવતી વખતે વળતરના મૂલ્યાંકન માટે Agriculture Produce Market Committee (APMC) એ નક્કી કરેલા દરો લાગુ પડશે

અને પાક / ફળાવ / ઝાડના વળતરની મૂલ્યાંકન કિંમત, સંબંધિત સરપંચ/તલાટી/ મામલતદાર અથવા સંબંધિત મહેસૂલ અધિકારીએ પ્રમાણિત કરેલ હોવી જોઇશે.

(૪) જમીન માલિકને ચૂકવવાપાત્ર 'નુકશાન' અંગેનું વળતર, નીચે જણાવ્યા પ્રમાણે ત્રણ તબક્કામાં મળવાપાત્ર થશે:-

(અ) ૪૦% રકમ ટ્રાન્સમિશન ટાવરના પાયાનુ કામ (Foundation) પુર્ણ થયા બાદ

(બ) ૪૦% રકમ ટ્રાન્સમિશન ટાવર પ્રસ્થાપિત (Tower Erection) થયા બાદ

(ક) ૨૦% રકમ ટ્રાન્સમિશન લાઇનના વાયરો ખેંચ્યા (conductor stringing) બાદ

૨. **સદર ઠરાવની જોગવાઇઓનું અમલીકરણ નીચે જણાવેલ શરતોને અધીન રહેશે:-**

(૧) જમીન/પાક/ફળાવ/ઝાડને થયેલ નુકશાન પેટે ચૂકવવાના થતું વળતર, ટ્રાન્સમિશન લાયસન્સી દ્વારા ચૂકવવામાં આવે તે સમયે સંબંધિત ખેડૂત/જમીન ધારક/વ્યક્તિની લેખિત બાહેધરી, આ ઠરાવ સાથે સામેલ **પરિશિષ્ટ** – અ મુજબ મેળવી લેવાની રહેશે.

(૨) પ્રસ્તુત ઠરાવની જોગવાઇઓ, નવી ૬૬ કે.વી. અને તેથી વધુ વીજભાર ધરાવતી ટ્રાન્સમિશન લાઇનના કામો, કે જેના ટેન્ડર આ ઠરાવ અમલી થયા બાદ પ્રસિદ્ધ કરેલ હશે તેના માટે જ લાગુ કરી શકાશે. તદઉપરાંત, હયાત ટ્રાન્સમિશન લાઇનની જાળવણી અને મરામત કરવાના કામો માટે ઉકત ઠરાવની જોગવાઇઓ લાગુ પડશે નહિ પરંતુ, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ માં નિર્દિષ્ટ પાક-ઝાડ-ફળાવ પેટે થયેલ નુકશાનનું વળતર આપવાનું રહેશે.

(૩) ૬૬ કે.વી. અને તેથી વધુ વીજભાર ધરાવતી ટ્રાન્સમિશન લાઇન જેના કામ પ્રગતિમાં છે, તે કામ માટે 'નુકશાન' પેટે વળતર, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ ની જોગવાઇઓને અધીન કરવાનું રહેશે. અર્થાત્, પ્રગતિમાં હોય તેવા કામો માટે આ ઠરાવની જોગવાઇઓ લાગુ પડશે નહિ..

(૪) જમીનના નુકશાન માટે વળતરની ગણતરી કરતી વખતે, જે કોઇ સ્થળ માટે ઓન લાઇન જંત્રી દર ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં જમીનનું મૂલ્યાંકન સંબંધિત સક્ષમ મહેસૂલ સત્તાધિકારીએ પ્રમાણિત કરેલ હોવું જોઇશે.

(૫) જમીન માલિકી ૭/૧૨ ના ઉતારાના આધારે ધ્યાને લેવાની રહેશે. જે કોઇ સંજોગોમાં ૭/૧૨ ના ઉતારામાં એક કરતાં વધારે ખાતેદારોના નામ હશે તો બાકીના ખાતેદારોએ કોઈ એક ખાતેદારને નુકશાનીના વળતરની ચૂકવણી કરવા માટે, ઠરાવ સાથે સામેલ **પરિશિષ્ટ–બ** મુજબના નિયત નમૂનામાં **સંમતિ** આપવા લેવી જોશે.

(૬) જે કોઇ જમીન માલિક ને ઉકત ઠરાવ મુજબ તેમજ ૭/૧૨ ના ઉતારા પ્રમાણે 'નુકશાની' નુ વળતર ચૂકવાઇ ગયા બાદ જમીન માલિકનું નામ બદલાશે તો નવા જમીન ધારક/જમીન માલિકને 'નુકશાની'નું વળતર પુનઃ ચૂકવવાપાત્ર ઠરશે નહિ.

(૭) જે ટ્રાન્સમિશન લાઇન કોઇ સરકારી પડતર જમીન અથવા સરકારી ખરાબાની જમીન અથવા કોઇપણ સરકારી/સ્થાનિક સંસ્થાઓની જમીનમાંથી પસાર થતી હોય તો, તમામ ટ્રાન્સમિશન કંપની / ટ્રાન્સમિશન લાયસન્સીઓએ, ટ્રાન્સમિશન ટાવર/માળખું ઉભું કરતી વખતે, આવી જમીન(ટાવરના ચાર પાયા વચ્ચેના ભાગની જમીન)નો વપરાશ કરવાના કારણોસર, ગુજરાત પાણી અને ગેસ પાઇપલાઇન્સ (જમીનમાં વપરાશકર્તાના હકક સંપાદન) અધિનિયમ, ૨૦૦૦ની કલમ-૧૦(૪)ની જોગવાઇઓને આધિન, જમીનના ભાગના મૂલ્યની બજાર કિંમતના દસ ટકા લેખે થતી રકમ, સરકારશ્રીમાં લાગુ પડતાં સદરે ચલણથી જમા કરાવવાની રહેશે.

(૮) જે ટ્રાન્સમિશન લાઇન કોઇ સરકારી પડતર જમીન અથવા સરકારી ખરાબાની જમીન અથવા કોઇપણ સરકારી/સ્થાનિક સંસ્થાઓની જમીનમાંથી પસાર થતી હોય તો, જમીનના કબ્જેદાર/ભોગવટેદારને કોઇ નુકશાન પેટે વળતર મળવાપાત્ર ઠરશે નહિ.

(૯) કોઇપણ સંજોગોમાં, જમીન માલિક/ખેડૂતમિત્રને તેની જમીન/પાક/ઝાડ/ફળાવના નુકશાન પેટે એક જ વખત વળતર મળવાપાત્ર રહેશે.

૩. રાજ્યમાં, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ.(સ્ટેટ ટ્રાન્સમિશન યુટિલીટી) કે સેન્ટ્રલ ટ્રાન્સમિશન યુટિલિટી કે વિવિધ ખાનગી ટ્રાન્સમિશન કંપની અથવા ટ્રાન્સમિશન લાયસન્સી દ્વારા ચૂકવવાના થતાં વળતરની ચૂકવણી અંગેનો ખર્ચ જે તે સંસ્થાએ તેના પોતાના સ્વભંડોળમાંથી મેળવવાનો રહેશે અને તે માટે રાજય સરકાર તરફથી કોઇ અનુદાન/સહાય મળવાપાત્ર થશે નહિ.

૪. ઉકત ઠરાવ અંતર્ગત, તમામ ટ્રાન્સમિશન લાયસન્સીએ, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ અને ભારતીય ટેલિગ્રાફ એકટ, ૧૮૮૫ની જોગવાઇઓ તથા તેમાં થતી વખતોવખતની સુધારા જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

૫. આ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી અમલી બનશે.

૬. ઉકત ઠરાવ નાણા વિભાગની તા.૨૮.૦૨.૨૦૧૭ ની નોંધથી ગણેલ અનુમતિ અનવયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એચ. ચોરેરા)
ખાસ ફરજ પરના અધિકારી
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

નકલ જાણ તેમજ જરૂરી કાર્યવાહી અર્થે રવાના પ્રતિ:-

- નામ. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (ઉર્જા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા. ક. મંત્રીશ્રી (ઉર્જા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ઊર્જા મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી.(પત્ર દ્વારા)
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત રહસ્ય સચિવશ્રી, ઉ. પે. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય વિદ્યુત નિરિક્ષકશ્રી, મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ., વડોદરા.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ., વડોદરા.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિ.,વડોદરા.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લિ., વડોદરા.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ., રાજકોટ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લિ., મહેસાણા.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ., સુરત.
- સચિવશ્રી, ગુજરાત વિજ નિયમન આયોગ, ગીફ્ટ સીટી, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઇન્ડસ્ટ્રી પાવર કંપની લિ. વડોદરા.
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, પાવર ગ્રીડ કોર્પોરેશન લિ., વડોદરા.
- ડિરેકટરશ્રી, ટોરેન્ટ પાવર લિ., અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય, ગાંધીનગર
- પસંદગી ફાઈલ.

પરિશિષ્ટ - અ

પહોંચ અને બાહેધરી પત્રક

તા: _____

હું નીચે સહી કરનાર _____

રહેવાસી, મુકામ _____, તાલુકો_____, જીલ્લો _____ ના

સાથે સ્વીકારું છું કે _____ તરફથી

ધરાયેલ _____

વીજલાઇન ના કામ માટે સર્વે નંબર _____ માં આવતા ડી.પી. / પોલ

/વીજ રેખાઓ/ ટાવર નંબર _____ થી _____ માટેના

ટાવર ફાઉન્ડેશન / ટાવર ઇરેકશન / સ્ટ્રિંગિંગ નું કામ કરતી વખતે ભારત સરકાર ના

માર્ગદર્શન પ્રમાણે અને ગુજરાત સરકાર દ્વારા પ્રસિદ્ધ થયેલ

ઠરાવ ક્રમાંક: જીઇટી-૧૧-૨૦૧૫-જીઓઆઇ-૧૯૯-ક તા:૧૪.૦૮.૨૦૧૭ મુજબ નુકસાની ના

વળતર પેટે રૂ._____ (અંકે_____

_____)

બેંક_____ ના ડિમાન્ડ ડ્રાફ્ટ નંબર

_____તા: _____ દ્વારા મને મળેલ છે, જે મને

મંજૂર છે.

સહી કરનાર : _____ ગામ: _____

પરિશિષ્ટ – બ

(વળતર ચૂકવવા બાબતનું સંમતિ પત્રક)

તા: _____

આથી અમો નીચે સહી કરનાર ખાતેદારો લખી જણાવીએ છીએ કે મારા / અમારા ખેતર/ જમીનના સર્વે નંબર:-_____ મોજે _____ પેકીની _____

લાઇન પસાર થતાં મારા / અમારા ખેતરના જમીન / પાક / ઝાડ / ફળ ને નુકશાન થયેલ તેનો પંચકેશ બનેલ છે. તો આ નુકશાન પામેલા જમીન / પાક / ઝાડ / ફળ ના વળતરના નાણા શ્રી/શ્રીમતિ_____ ને મળે તો મને / અમોને કોઇ જાતનો વાંધો નથી જે બદલ હું / અમો આ સંમતિ પત્રક લખી આપીએ છીએ.

ખાતેદારોના નામ ૭/૧૨ પ્રમાણે	સહી
_____	_____
_____	_____
_____	_____
_____	_____
_____	_____
_____	_____
_____	_____